ગુજરાત ગાર્ડિયન
શનિવાર તા. ૨૨ ડિસેમ્બર ૨૦૧૨



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ના યજમાન પદે આજથી ગુજરાત સાહિત્ય પરિષદના સત્રના આરંભ હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ વિવેચક ડો. અશોક વાજપેયીના હસ્તે ... માટે બે કરોડનું માતબર દાન આપનાર હિતેશ પટેલનું જાણીતા સાહિત્યકાર વર્ષા અડાલજાના હસ્તે કરવામાં આવ્યું હતું.

# નર્મદ યુનિ.માં સાહિત્ય પરિષદના ૨૭મા જ્ઞાનસત્રનો દબદબાભેર આરંભ : હજારથી વધુ સાહિત્યકારોની હાજરી

સુરત , તા. ૨૧

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં આજથી ગુજરાતી સાહિત્ય પરિષદના ત્રીદિવસીય જ્ઞાનસત્રનો આરંભ થયો હતો. ૨૭માં જ્ઞાનસત્રમાં ગુજરાતભરના ૧૦૦૦ જેટલા સાહિત્યકારો અને સાહિત્ય રસિકોની ઉપસસ્થિતિમાં ત્રણ દિવસસુધી વિવિધ સંવાદોનું પઠન કરવામાં આવશે. આ પ્રસંગે યુનિવર્સિટીને ગુજરાતી ભવન માટે રૂપિયા બે કરોડનું દાન આપનાર હિતેશ પટેલનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

સાહિત્યએ જ્ઞાનનો પ્રકાર છે. કેટલાક રાજયોમાં પોતાની પ્રાદેશીક ભાષાને મહત્તવ આપવામાં આવે છે. પરંતુ કેટલાક એવા રાજયો છે. જયાંની યુવા પેઢી પર અભાષાનું વર્ચસ્વ જોવા મળી રહ્યુ છે. પ્રાણી એને માનવીમાં માત્ર ભાષાનું અંતર છે. જે હવે ઘટતુ જાય છે. જે અતિગંભીર બાબત કહી

## જ્ઞાનસત્રનો આરંભ હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ વિવેચક અશોક બાજપેયીના હસ્તે શુભારંભ થયો :લોકોના ઘટતા જતા શબ્દભંડોળ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી

શકાય. આ પ્રકારના વકવ્ય સાથે જ્ઞાનસત્રનું ઉદઘાટન કરનાર હિન્દી સાહિત્યના પ્રસિધ્ધ કવિ અને વિવેચક અશોક વાજપેયીએ ઉપસ્થિત લોકોને ભાષાનું મહત્તવ સમજાવવાની કોશીષ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાતી સાહિત્ય સિવાય દેશની એવી કોઇ ભાષા પરિષદો નથી કે જેને 'જ્ઞાનસત્ર' નામ આપવામાં આવ્યુ હોય. હિન્દી ભાષામાં ૧ લાખ શબ્દો છે જે પૈકી દસ હજાર શબ્દો સાહિત્યમાં જયારે પાંચ હજાર શબ્દો અખબારોમાં વપરાય છે. જે લોકોનો શબ્દકોષ ઘટતો જતો હોવાનું સ્પષ્ટ કરે છે. ભારતીય ભાષાઓ ઘણા સંકટોમાંથી પસાર થઇ રહી છે અને સંકુચીત થઇ રહી છે તે અંગેની ચિંતા પણ અશોક વાજપેયી દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

આ ઉપરાંત જ્ઞાનસત્રમાં ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખ વર્ષા અડાલજાએ સુરત સાથેના તેમના ભુતકાળના સંસ્મરણો તાજા કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે ' સર્જક તપસ્વી અને સાધક છે' અને લેખકો તેમને જીવન જીવવાની નવી દ્રષ્ટિ આપે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે વાચક પણ સર્જનાત્મક હોવો જોઇએ. કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે જાણીતા ફિલ્મ દિગ્દર્શક ગોવિંદ સરૈયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના પેરક પ્રવચનમાં સાંપ્રત સાહિત્યની ચર્ચા કરવાની સાથે તેમને સફળ ફિલ્મ સરસ્વતીચંદ્ર બાદ હાલ તેઓ સરસ્વતીચંદ્ર સીરીયલ રૂપે લોકો સમક્ષ રજુ કરવાના હોવાની તેમજ ગાંધીજીના જીવન પર અનોખી ફિલ્મ બનાવી રહ્યા હોવાની માહિતી પુરી પાડી હતી.

જ્ઞાનસત્રના અવસરે દ.ગુ. યુનિના કુલપતિ ડો. દક્ષેશ ઠાકર દ્વારા તૈયાર કરવામાં આવેલા ' શિક્ષક : ઉડ્ડયન' પુસ્તકનું વિમોચન અતિથી અશોક વાજપેયીના હસ્તે કરવામાં આવ્યુ હતુ. તેમજ ' તાપી દક્ષિણ તટે ' નામના સાહિત્ય પરિષદ દ્વારા સંચાલીત પુસ્તકનું પણ વિમોચન કરાયુ હતુ. જ્ઞાનસત્રનું ઉદઘાટન હિન્દી સાહિત્યકાર અશોક વાજપેયી દ્વારા કરવામાં આવ્યુ હતુ. જયારે અધ્યક્ષ તરીકે ગુ. સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષા અડાલજા, ભૂતપુર્વ પ્રમુખ ભગવતીકુમાર શર્મા, સાહિત્યકાર રઘુવીર ચૌધરી, યુનિવર્સિટીના કુલપતિ ડો. દક્ષેશ ઠાકરે, સાહિત્ય પરિષદના મહામંત્રી રાજેન્દ્ર પટેલ , સિન્ડીકેટ અને સેનેટ સભ્યો આચાર્યો અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ત્રણ દિવસ ચાલનારા જ્ઞાનસત્રમાં સાહિત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો થશે.

## ગુજરાતી ભવન માટે બે કરોડનું દાન આપનરા હિતેશ પટેલનું સન્માન કરાયું

વીર કવિ નર્મદના નામ સાથે જોડાયેલી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અલાયદુ ગુજરાતી ભવન ની ઊણપ એક કંલક સમાન હતી. જેને દુર કરતા અલથાણના ખેડુત હિતેશ પટેલે બે કરોડ રૂપિયાની રકમનું દાન આપી ગુજરાતી ભવન તૈયાર કરાવ્યુ હતુ. અને યુનિવર્સિટીની ગરિમાને ગૌરવવંતી બનાવી હતી. જે બદલ આજે હિતેશ પટેલને ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખ વર્ષા અડાલજાએ સાલ ઓઢાડી તેમજ સ્મુતિચિન્હ આપી સન્માનીત કર્યા હતા. અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ગુજરાતી ભવન બનાવવા માટે કરવામાં આવેલી મદદનો આભાર માન્યો હતો.